For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

VMC ઇલેક્શન: સત્તાના ગઢમાં નવા ચહેરાઓને એન્ટ્રી, વિવાદિત અને જૂના જોગીઓની એક્ઝિટ નક્કી!

ભાજપ 70% જૂના કોર્પોરેટરોને ઘેર બેસાડવાની તૈયારીમાં

ત્રણ ટર્મનો નિયમ અને નબળા પર્ફોર્મન્સના આધારે નિર્ણય લેવાય તો નવાઈ નહીં

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીઓનો જંગ નજીક આવી રહ્યો છે ત્યારે સત્તાધારી ભાજપમાં ઉમેદવારોની પસંદગીને લઈને ભારે હલચલ જોવા મળી રહી છે. 19 વોર્ડના ઉમેદવારો નક્કી કરવા માટેની પ્રક્રિયા તેજ બનાવવામાં આવી છે, પરંતુ આ વખતે ભાજપ 'નો રિપીટ થિયરી'નો કડક અમલ કરવાના મૂડમાં હોય તેમ જણાય છે. પક્ષના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર, વર્ષ 2021થી 2026ની ચાલુ ટર્મમાં કોર્પોરેટર પદે રહેલા 50થી વધુ નેતાઓને આ વખતે ઘેર બેસવાનો વારો આવી શકે છે.

વડોદરામાં ભાજપ છેલ્લા ત્રણ દાયકાથી સત્તાના સિંહાસન પર બિરાજમાન છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષની ટર્મ પક્ષ માટે સૌથી નબળી રહી હોવાની વ્યાપક ફરિયાદ છે. ભાજપના જ કેટલાક સનિષ્ઠ કાર્યકરો અને કોર્પોરેટરોએ હાઈકમાન્ડ સુધી એવી રજૂઆતો કરી હતી કે ચાલુ ટર્મમાં વહીવટી પકડ નબળી રહી છે. આ ગાળા દરમિયાન કેટલાક કોર્પોરેટરો સામે પોલીસ ફરિયાદો થઈ તો કેટલાક આર્થિક લેતીદેતીના ગંભીર આક્ષેપોમાં ઘેરાયા હતા. કેટલાક કોર્પોરેટર સામે થયેલી પોલીસ કાર્યવાહીએ પક્ષની છબી ખરડી છે. આ ઉપરાંત, કોર્પોરેશનમાં પાણી પુરવઠો પૂરો પાડવાના ટેન્કરોમાં પણ પોતાના જ સગા કે મળતિયાઓના કોન્ટ્રાક્ટ હોવાના આક્ષેપો જેમના પર લાગ્યા છે, તેમને ફરી ટિકિટ ન આપવા પક્ષે મન બનાવી લીધું છે.

માત્ર ભ્રષ્ટાચાર જ નહીં, પરંતુ ગેરશિસ્ત પણ ટિકિટ કપાવા માટેનું મોટું કારણ બનશે. અનેક કોર્પોરેટરો પક્ષની સૂચના હોવા છતાં સંકલનની બેઠકોમાં ગેરહાજર રહ્યા હતા અને વિવિધ કમિટીઓના સભ્ય હોવા છતાં કામગીરીમાં રસ દાખવ્યો ન હતો. પક્ષના નેતાઓને જાણ કર્યા વિના પોતાની મનમાની કરનારા આવા તત્વોને આ વખતે પડતા મૂકી નવા અને શિસ્તબદ્ધ ચહેરાઓને મેદાનમાં ઉતારવાની તૈયારી છે.

પક્ષ દ્વારા નક્કી કરાયેલા વયમર્યાદાના નિયમો, બેઠકોનું બદલાયેલું રોસ્ટર અને ત્રણ ટર્મ સુધી પદ ભોગવી ચૂકેલા નેતાઓની ટિકિટ પણ જોખમમાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો દિલ્હી હાઈકમાન્ડ કે પ્રદેશ નેતૃત્વ તરફથી કોઈ વિશેષ ભલામણ કે અપવાદરૂપ કિસ્સો નહીં હોય, તો જૂના તમામ ચહેરાઓને બદલીને 'ફ્રેશ લુક' સાથે ભાજપ મેદાનમાં ઉતરશે. જૂના ચહેરાઓના સ્થાને નવી ટીમ વડોદરાના વિકાસની કમાન સંભાળે તેવો સંકેત સ્પષ્ટ દેખાઈ રહ્યો છે.

ચૂંટણીની તારીખો પડતા જ નેતાઓ 'હરખપદુડા' ગલીએ-ગલીએ ખોલ્યા હાઈટેક ચૂંટણી કાર્યાલયો

(પ્રતિનિધિ) વડોદરા તા.3

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આગામી ચૂંટણીઓની તારીખોનું એલાન કરવામાં આવતાની સાથે જ વડોદરાના રાજકીય તાપમાનમાં જોરદાર ઉછાળો આવ્યો છે. ખાસ કરીને સત્તાધારી ભારતીય જનતા પાર્ટીમાં જાણે 'ઉત્સવ' જેવો માહોલ સર્જાયો છે. આચારસંહિતાનો કડક અમલ શરૂ થાય તે પૂર્વે જ પોતાના વિસ્તારમાં પકડ જમાવવા અને શક્તિ પ્રદર્શન કરવા માટે ભાજપી નેતાઓ 'હરખપદુડા' બનીને મેદાનમાં ઉતરી આવ્યા છે. શહેરના ખૂણેખૂણે નવા ચૂંટણી કાર્યાલયોના ઉદ્ઘાટનોની લાઈન લાગી છે.

ચૂંટણીની તારીખો જાહેર થતાં જ વડોદરાના રસ્તાઓ પર કેસરીયો રંગ અને ભાજપના ઝંડા-બેનરોની ભરમાર જોવા મળી રહી છે. નેતાઓ માત્ર પરંપરાગત પ્રચાર જ નહીં, પરંતુ હાઈટેક અને તમામ સુવિધાઓથી સજ્જ ચૂંટણી કાર્યાલયો ખોલવાની સ્પર્ધામાં ઉતર્યા છે. મતદારો પર પ્રભાવ પાડવા અને કાર્યકરોને એકઠા કરવા માટે આ કાર્યાલયોને રોશનીથી ઝગમગાવવામાં આવ્યા છે.

રાજકીય વિશ્લેષકોના મતે, આ ઉતાવળ પાછળ માત્ર પક્ષનો પ્રચાર જ નહીં, પરંતુ વ્યક્તિગત દાવેદારી મજબૂત કરવાનો પણ ઈરાદો છે. સ્થાનિક નેતાઓ પોતાના ગઢમાં ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજી, ઢોલ-નગારા અને ફટાકડાના ગુંજારવ સાથે મોવડી મંડળને પોતાની તાકાત બતાવી રહ્યા છે. સોશિયલ મીડિયા પર આ ઉદ્ઘાટનોનું લાઈવ પ્રસારણ કરીને પ્રચારના 'શ્રીગણેશ' કરવામાં આવ્યા છે. એક તરફ ભાજપના પાયાના કાર્યકરોમાં ભારે જોશ જોવા મળી રહ્યો છે, ત્યારે બીજી તરફ જનતામાં આ 'હરખપદુડા' નેતાઓને લઈ ચર્ચા પણ જાગી છે.

વડોદરામાં 30% સ્કૂલો દ્વારા હજી પણ FRCના નિયમોનું ઉલ્લંઘન

માન્યતા રદ અને ક્રિમિનલ પ્રોસીઝર કરવા સુધીની FRCની સત્તા છતાં યોગ્ય કાર્યવાહી નહિ થતી હોવાના આક્ષેપ

પેરેન્ટ્સ એસો.ના પ્રેસિડેન્ટે વહીવટી તંત્ર સામે મનમાની ચલાવતી શાળાઓ સામે નારાજગી દર્શાવી

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

નવા શૈક્ષણિક ક્ષેત્રનો પ્રારંભ થશે. ત્યારે ફરી એક વખત વડોદરા શહેરમાં 100 માંથી 30 ટકા સ્કૂલો એવી છે. જે આજે પણ એફઆરસીના નીતિ નિયમોનું ઉલંઘન કરતી હોવાનું જાણવા મળ્યું છે. ત્યારે, આ મામલે પેરેન્ટ્સ એસોસિએશન દ્વારા વહીવટી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, તેવા આક્ષેપ પણ કરવામાં આવ્યા છે.

ગરીબ બાળકોને મફતમાં શિક્ષણ મળી રહે તે માટે આરટીઈનો કાયદો અમલમાં મૂકવામાં આવ્યો છે અને હાલ આ કાયદા હેઠળ સ્કૂલએ તેનું પાલન કરવાનું હોય છે. જોકે, ઘણી સ્કૂલો દ્વારા કાયદાનું પાલન નહિ થતું હોવાનું ધ્યાને આવતા એફઆરસી કમિટીની રચના કરવામાં આવી હતી. જેના થકી નિયમોનું ઉલ્લંઘન કરતી શાળાઓ સામે કાર્યવાહી કરી શકે. હાલ નવું શૈક્ષણિક સત્ર શરૂ થાય તે પહેલા જ એફઆરસી કમિટી પાસે કેટલીક શાળાઓ વિરુદ્ધ ફરિયાદોનો દોર શરૂ થયો છે. વડોદરા પેરેન્ટ્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ પ્રકાશ પિલ્લાઈનું કહેવું છે કે, વડોદરામાં આજે 70% જેટલી સ્કૂલો કાયદાનું પાલન કરે છે. એટલે કે 30% જેટલી મોટી સ્કૂલો હજીયે એફઆરસીના નિયમોનું પાલન કરતી નથી, તેમણે શહેરની કેટલીક સ્કૂલોના નામ જોગ જણાવ્યું છે કે, આવી સ્કૂલો મામલે અમે લેખિતમાં ડીઈઓ કચેરીમાં, એફઆરસીમાં તેમજ શિક્ષણ મંત્રીને પણ રજૂઆત કરી છે, તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી વાલીઓની અનેક ફરિયાદો હોવા છતાં પણ યોગ્ય કાર્યવાહી થતી નથી. એફઆરસી એક્ટ ગવર્મેન્ટ ઓફ ગુજરાતનો એક એક્ટ છે. ધારાસભ્યએ બેસીને વોઈસ વોટ કોઈ વિરોધ નથી કર્યો. વિધાઉટ ઓજ્જેક્શન પાસ કરવામાં આવેલો એક એક્ટ છે અને એના અમલીકરણ માટે એફઆરસી કમિટી હોય છે, અને તેની પાસે સીધો કોર્ટ જેવો પાવર છે. દંડ કરવાનો, પાલન ન કરો તો માન્યતા રદ કરવા સુધીની સત્તા છે, પણ કમનસીબે એફઆરસી કમિટીની અંદર અલગ અલગ મેમ્બરો આવે છે. અને પોત પોતાનું નિવેદનો આપે છે કે, અમે આટલા રૂપિયાનો દંડ કર્યો પણ કેટલો વસૂલ કર્યો એ મહત્વની બાબત છે. પણ કોઈ કારણસર યોગ્ય કાર્યવાહી થતી નથી અને ખાસ કરીને ડીઈઓ કચેરી તો પાવરફુલ હોવા છતાં તેના દ્વારા તો કોઈ કાર્યવાહી યોગ્ય થતી જ નથી અને અંગત લાભ માટે કામ કરે છે હાલમાં એફઆરસીની બીકના કારણે 70% સ્કૂલો રૂલ પ્રમાણે કામગીરી કરે છે પણ જે ઉલ્લંઘન કરી રહી છે. એના ઉપર કોઈ કાર્યવાહી કરાતી નથી. એફઆરસી ના પેપર ઉપર જે છે. એના લાભ મળે છે પણ જે ઉલ્લંઘન કરે છે તેના વિરુદ્ધ સત્તાના ભાગરૂપે એફઆરસી દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી.

જે શાળા મર્યાદા ચૂકી તો કાયદો અને એફઆરસી એનું કામ કરશે

વડોદરાની કેટલીક એવી શાળાઓ જે એફઆરસીની મર્યાદામાં રહીને ફી લેતા ન હતા અને કાયદાને નેવે મૂકી દેતા હતા. એવી ઘણી શાળાઓ સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી છે. જ્યારે ઘણી શાળા એવી છે કે છેલ્લા પાંચ વર્ષમાં તેમણે એફઆરસીની મંજૂરી પણ લીધી ન હતી. એ બધી જ શાળાઓને પ્રત્યેક વર્ષ માટે એફઆરસીએ એન્યુઅલ દંડ ફટકારેલો છે. જેથી શાળાઓને પણ ખબર પડે એફઆરસીનો કાયદો છે અને મર્યાદામાં રહીને જ કામ કરવું પડશે જો મર્યાદા ચૂકી તો કાયદો એનું કામ કરશે અને એફઆરસી એનું કામ કરશે. **- કૃણાલ બ્રહ્મભટ્ટ,** એફઆરસી કમિટી સભ્ય,વડોદરા ઝોન

આંતરિક વિખવાદ વચ્ચે આપની 21 નામોની બીજી યાદી જાહેર

સંગઠનમાં ખેંચતાણ અને જૂના કાર્યકરોની અવગણનાથી છુપો રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરમાં પોતાની જમીન શોધવા ફાફા મારી રહેલી આમ આદમી પાર્ટીએ આજે વધુ 21 નામોની જાહેરાત તો કરી દીધી છે, પરંતુ સવાલ એ છે કે શું આ લિસ્ટમાં દમ છે ? રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે સંગઠનમાં રહેલી ખેંચતાણ અને જૂના કાર્યકરોની અવગણના પાર્ટીને ભારે પડી શકે છે. આમ આદમી પાર્ટીએ વડોદરામાં પોતાની હાજરી નોંધાવવા માટે ઉતાવળે 21 નામોની બીજી યાદી જાહેર કરી છે. જોકે, આ યાદી જોતા એવું લાગે છે કે પાર્ટી પાસે મજબૂત ઉમેદવારોનો દુકાળ છે.

વોર્ડ	ઉમેદવાર
1	શેલત રાજેન્દ્રકુમાર
1	પઠાણ ફિરદોશબાનુ
2	માલી ભરતભાઈ
3	પટેલ ધર્મેન્દ્ર
3	સંધ્યા શાહ
4	આનંદ ઓઝા
6	હુસેન મુલતાની
7	દોશી હાર્દિક
7	પટેલ ધર્મેશ
10	સિંધી મહેબૂબખાન યુસુફખાન
11	આનંદકુમાર શુક્લા
11	પરમાર મીનાબેન
13	દેવયાની પરમાર
13	મહેન્દ્ર માળી
14	અબ્દુલરહીમ કુરેશી
14	ગીતાબેન શૈલેષભાઈ બ્રહ્મભટ્ટ
16	ભરવાડ હર્ષદીપ
17	પરમાર પલ્લવીબેન
17	કંસારા ભદ્રેશકુમાર
18	હરિજન નયનાબેન
19	મનીષા શૈલેન્દ્રસિંહ રાજ

વાદળોની ચાદરમાં શહેરમાં લપેટાયું : હવામાનમાં પલટો, ધૂળની ડમરીઓ ઉડતા ચાલકો મુશ્કેલીમાં મૂકાયા,ગરમીનું તાપમાન 35.6 ડીગ્રી નોંધાયું

■ શહેરમાં સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર જોવા મળી હતી. શુક્રવારે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. બપોરે બાદ અચાનક તેજ પવનો ફૂંકાતા ધૂળની ડમરીઓ ઉડી હતી. જેના કારણે વાહન ચાલકોને પણ મુશ્કેલી પડી હતી જ્યારે કેટલાક વિસ્તારોમાં વરસાદી છાંટા પણ પડ્યા હતા. શુક્રવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 35.6 ડિગ્રી અને લઘુતમ તાપમાન 24.8 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 68% અને સાંજે 41% નોંધાયું હતું. હવામાન વિભાગ મુજબ હાલ તાપમાન નીચે આવી ગયું છે. **(તસવીર : રણજીત સૂર્વે)**

મોંઘવારીનો 'ગેસ' ચડ્યો: CNGમાં દોઢ રૂપિયાનો ઝીંકાયો વધારો

CNGમાં 3 માસમાં ત્રીજી વાર ભાવવધારો થતા વડોદરાના રિક્ષાચાલકોમાં ભારે રોષ

ચૂંટણીમાં સરકારને પરચો બતાવવાની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.3

શહેરના રિક્ષાચાલકો પર મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. અદાણી ગેસ દ્વારા CNGના ભાવમાં પ્રતિ કિલો દોઢ રૂપિયાનો વધારો કરવામાં આવતા રિક્ષાચાલકોની કમર તૂટી ગઈ છે. છેલ્લા ત્રણ મહિનામાં ત્રીજી વખત કરવામાં આવેલા આ ભાવવધારાને પગલે રિક્ષાચાલકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

રિક્ષાચાલકોના જણાવ્યા અનુસાર, અદાણી ગેસ દ્વારા ટૂંકા ગાળામાં વારંવાર ભાવ વધારવામાં આવી રહ્યા છે. એક સમયે CNGનો ભાવ 55 થી 60 રૂપિયાની આસપાસ હતો, જે હવે વધીને 85 રૂપિયાની ઉપર પહોંચી ગયો છે. આ સ્થિતિમાં ગેસ અને ડીઝલના ભાવ લગભગ સમાન સ્તરે પહોંચી ગયા હોવાનું ચાલકોએ દુઃખ સાથે જણાવ્યું હતું.

મોંઘવારી અંગે પ્રતિક્રિયા આપતા રિક્ષાચાલકોએ જણાવ્યું કે, "એક તરફ ગરમીનો પારો આસમાને છે અને બીજી તરફ ગેસના ભાવ વધી રહ્યા છે. પેસેન્જરો વધારાનું ભાડું આપવા તૈયાર નથી. 10-20 રૂપિયા વધારે માંગીએ તો પેસેન્જરો સાથે કચકચ થાય છે. ગેસ પુરાવવો, રિક્ષાના હપ્તા ભરવા કે ઘર ચલાવવું - હવે શું કરવું એ સમજાતું નથી." રિક્ષાચાલકોએ એમ પણ ઉમેર્યું કે રેપિડો જેવી ઓનલાઈન બાઈક ટેક્સી સેવાઓને કારણે તેમનો ધંધો પહેલેથી જ અડધો થઈ ગયો છે.

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે આ ભાવવધારો સરકાર માટે મુશ્કેલી ઉભી કરી શકે છે. રિક્ષાચાલકોએ ખુલ્લેઆમ રોષ વ્યક્ત કરતા કહ્યું કે, "સરકાર માત્ર મોટી વાતો કરે છે, પણ ગરીબ અને મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે. જો આ જ પરિસ્થિતિ રહી તો આવનારી ચૂંટણીમાં અમે અમારો પાવર બતાવીશું અને ભારતીય જનતા પાર્ટીની સરકારને પાઠ ભણાવીશું."

રિક્ષાચાલકો એ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે ગેસનું ઉત્પાદન ગુજરાતમાં જ વાઘોડિયા પાસે ગેલ ઈન્ડિયા લિમિટેડ થાય છે, છતાં અહીં મુંબઈ કરતા ભાવ કેમ વધારે છે? વડોદરામાં ટેક્સનું ભારણ પણ સૌથી વધુ હોવાની રજૂઆત કરવામાં આવી હતી. ચાલકોએ ચેતવણી આપી હતી કે જો આવી જ રીતે મોંઘવારી વધતી રહેશે તો મધ્યમ વર્ગના માણસો ગુનાખોરીના રસ્તે વળવા મજબૂર બનશે.

L&Tના કર્મચારીઓ દ્વારા મહિલાઓની છેડતીનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં દિનેશ મિલ પાસે સંજયનગરમાંથી પસાર થતી મહિલાઓએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમ્યાન એલ એન્ડ ટી કંપનીના કેટલાક કર્મચારીઓ પર છેડતી કરવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો હતો. ઘટનાને પગલે મહિલાઓએ સ્થળ પર જ હોબાળો મચાવ્યો હતો. જેના કારણે આસપાસના લોકો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતા. સ્થાનિકોમાં પણ આ ઘટનાને લઈ રોષ ફેલાયો હતો.

જાણકારી મળતા જ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આવી હતી અને પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી. મહિલાઓએ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. પોલીસે પ્રાથમિક તપાસ શરૂ કરી છે અને સંડોવાયેલા કર્મચારીઓની ઓળખ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

શાળાના પ્રિન્સિપાલે પોતાની ભૂલ સ્વીકારવાના બદલે પોતે સાચા હોવાનો દાવો કર્યો

ડભોઈની ફેઈથ પબ્લિક સ્કૂલ જાહેર રજાના દિવસે પણ ચાલુ રાખતા DEOએ નોટિસ ફટકારી

સીજીએમએસની પરીક્ષા હોવાથી સ્કૂલ ચાલુ રાખવામાં આવતા વાલીઓમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વડોદરા જિલ્લાના ડભોઈ ખાતે આવેલી ફેઈથ પબ્લિક સ્કૂલ દ્વારા જાહેર રજા ના દિવસે પણ ચાલુ રાખી બાળકોને બોલાવવામાં આવતા વિવાદ થયો હતો. અંગેની જાણ થતા કચેરી દ્વારા સ્થળ તપાસ કરી નોટિસ ફટકારી સોમવારે રૂબરૂ કચેરી ખાતે બોલાવી ખુલાસો માંગવામાં આવ્યો છે.

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં આવેલી ફેઈથ પબ્લિક સ્કૂલમાં ગુડ ફ્રાઈડેની જાહેર રજાના દિવસે પરીક્ષા લેવામાં આવતા વાલીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ફેથ પબ્લિક સ્કૂલ દ્વારા સરકારના નિયમનો ભંગ કરતા સ્કૂલ ચાલુ રાખી પોતાની મનમાની કરવામાં આવી હતી. જ્યારે, તમામ શાળાઓ શિક્ષણ વિભાગના અને ડીઈઓ કચેરીના આદેશ તેમજ પરિપત્રનું પાલન કરતી હોય છે. ત્યારે, ફેઈથ પબ્લિક સ્કૂલના સંચાલકો કોના આશીર્વાદથી તાનાશાહી કરી રહ્યા છે, તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. શાળાના પ્રિન્સિપાલે પોતાની ભૂલ સ્વીકારવાના બદલે પોતે સાચા છે, તેવો દાવો કરતા નજરે પડ્યા હતા. શિક્ષણ વિભાગના ઉપરવટ જઈ પોતાની ઈચ્છા અનુસાર શાળાના બાળકોને રજાના દિવસે શાળામાં બોલાવી પરીક્ષા ચાલુ રાખતા વાલીઓ પણ આ મામલે રોષે ભરાયા હતા. સ્કૂલની પ્રિન્સિપાલ શ્રીજી થોમસે જણાવ્યું હતું કે, સીજીએમએસની પરીક્ષા છે, અને અમારે સ્કૂલમાં સેન્ટર છે. એટલે આવતીકાલે પણ રજા જાહેર કરવી પડશે. એટલે વિદ્યાર્થીઓની સળંગ ત્રણ રજા આવી છે અને સોમવારે ફરીથી એ લોકો આવશે. કાલે જો એક્ઝામ ન હોત તો આજે રજા આપવાના જ હતા. બધા જ સ્ટાન્ડર્ડના અલગ અલગ પેપરો છે. ડીઈઓ કચેરીથી પણ અમને ટેલીફોનિક જાણ કરાઈ હતી કે, સ્કૂલ ચાલુ રાખી શકતા નથી, પણ જો પરીક્ષા ના હોત તો અમે પણ રજા આપતા, બધી જગ્યાએ આવતીકાલે સ્કૂલો ચાલુ છે. એટલે ડીઈઓની સૂચના બાદ અમે સ્કૂલ બંધ કરી બાળકોને પરત મોકલી દીધા હતા.

સ્કૂલ સંચાલકને ડીઈઓ કચેરીનું તેડુ : દંડનીય કાર્યવાહી કરાશે

સ્કૂલને નોટિસ અને સૂચના આપી છે. સૌપ્રથમ આની જાણ જિલ્લા શિક્ષણ અધિકારીને થતા અમને પણ જાણ કરવામાં આવી, તેમની સૂચના મળતા કચેરી દ્વારા રૂબરૂ સ્કૂલમાં તપાસ કરવામાં આવી હતી અને સ્કૂલ સંચાલકને સૂચના આપવામાં આવી છે. આવતીકાલે સીજીએમએસની પરીક્ષા છે એટલે આપણે કચેરી ખાતે સોમવારે તેમને ખુલાસા માટે બોલાવવામાં આવેલા છે, નિયમ મુજબ એ ખુલાસો આપણે આપવો પડે, એ આપ્યા પછી ખુલાસો સર્વગ્રાહ્ય રાખ્યા બાદ સરકારી તિજોરીમાં નિયમ પ્રમાણે દંડ ભરાવવામાં આવશે. **- મિતાબેન જાદવ ,** ડીઈઓ કચેરી

શિક્ષણને વધુ દ્રશ્ય અને ઈન્ટરેક્ટિવ બનાવવા માટે અભ્યાસક્રમમાં ફેરફાર

CBSE ધો.3થી 8માં કોમ્પ્યુટેશનલ થિંકિંગ અને AI નો સમાવેશ

એઆઈ અને સીટીથી ગણિતનો ડર દૂર થશે અને બાળકોને ડેટા સાથે રમવાનો આનંદ મળશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

શાળાઓ બ્લેકબોર્ડ પર સફેદ ચોક વડે ગોખણપટ્ટીના યુગને વિદાય આપી રહી છે. શિક્ષણ મંત્રાલયે શાળાઓને સ્માર્ટ બનાવવા માટે એક મિશન શરૂ કર્યું છે. વર્ગખંડો હવે બ્લેકબોર્ડને ચમકદાર વ્હાઈટબોર્ડથી બદલશે, અને બાળકો પાસે ફક્ત પુસ્તકો જ નહીં પણ AI ની સમજ પણ હશે.

ટેકનોલોજી શિક્ષણ હવે અંગ્રેજી પર આધારિત રહેશે નહીં. એનસીઈઆરટી અને સીબીએસઈ સંયુક્ત રીતે એક અનોખો અભ્યાસક્રમ વિકસાવી રહ્યા છે. જે વિદ્યાર્થીઓ તેમની માતૃભાષામાં વાંચી અને સમજી શકે. કોડિંગ હોય કે ડેટા વિશ્લેષણ, દેશનો દરેક બાળક હવે વિશ્વની સૌથી અદ્યતન તકનીકો તેમની પોતાની ભાષામાં શીખશે. નવો સીબીએસઈ અભ્યાસક્રમ ફક્ત અભ્યાસ કરવાની રીત જ બદલી રહ્યો નથી, પરંતુ તે ભારતના ભવિષ્યને અપગ્રેડ કરવાની તૈયારી પણ છે. જૂના બ્લેકબોર્ડ ભૂતકાળની વાત બનવાના છે. શિક્ષણ મંત્રાલયે શાળાના માળખાને આધુનિક બનાવવાનો નિર્ણય લીધો છે. આ પહેલ બ્લેકબોર્ડને વ્હાઈટબોર્ડથી બદલીને લાગુ કરવામાં આવી રહી છે. આનો અર્થ એ છે કે વર્ગખંડો વધુ સ્વચ્છ અને વધુ ટેક-ફ્રેન્ડલી બનશે. શિક્ષણને વધુ દ્રશ્ય અને ઈન્ટરેક્ટિવ બનાવવા માટે આ ફેરફાર કરવામાં આવી રહ્યો છે. આ પગલું વિદ્યાર્થીઓને વર્ગખંડમાં વધુ વ્યસ્ત રહેવામાં મદદ કરશે. સીબીએસઈના ચેરમેન રાહુલ સિંહે જાહેર કર્યું હતું કે, ધોરણ 3 થી 8 ના વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમમાં કોમ્પ્યુટેશનલ થિંકિંગ (CT) અને AI નો સમાવેશ કરવામાં આવ્યો છે. હાલમાં, તે ધોરણ 6 થી 8 માં લાગુ કરવામાં આવી રહ્યું છે, અને આવતા વર્ષથી, ધોરણ 9 અને 10 ના વિદ્યાર્થીઓ પણ તેનો અભ્યાસ કરશે. રસપ્રદ વાત એ છે કે, તે ગણિત સાથે મળીને શીખવવામાં આવશે, એક અલગ, જટિલ વિષય તરીકે નહીં. આનાથી ગણિતનો ડર દૂર થશે અને બાળકોને ડેટા સાથે રમવાનો આનંદ મળશે.

સ્માર્ટ અભ્યાસક્રમ માતૃભાષામાં વિકસાવવામાં આવશે

બાળકો ઘણીવાર ફક્ત એટલા માટે પાછળ રહી જતા હતા કારણ કે જટિલ ટેકનોલોજી શબ્દો અંગ્રેજીમાં હતા. હવે આવું નહીં રહે. શિક્ષણ મંત્રીની સૂચનાઓને અનુસરીને, NCERT હવે પ્રાદેશિક ભાષાઓમાં પાઠ્યપુસ્તકો વિકસાવી રહ્યું છે. આનો અર્થ એ છે કે ગામડાનો બાળક પણ પોતાની ભાષામાં કોડિંગ અને AI શીખી શકશે. જ્યારે બાળક પોતાની ભાષામાં અભ્યાસ કરે છે, ત્યારે તેનું મગજ ઝડપથી કામ કરે છે અને તેઓ વસ્તુઓને વધુ ઊંડાણપૂર્વક સમજી શકે છે.

બાળકો સોશિયલ મીડિયા વિશે સત્ય પણ શીખશે

આજના બાળકો સોશિયલ મીડિયા પર ઘણો સમય વિતાવે છે. નવા અભ્યાસક્રમમાં તેમને શીખવવામાં આવશે કે ઇન્સ્ટાગ્રામ અને યુટ્યુબ પાછળના અલ્ગોરિધમ્સ સામગ્રી કેવી રીતે પ્રદર્શિત કરે છે. આ વિદ્યાર્થીઓની ડેટા પ્રત્યેની સમજમાં વધારો કરશે અને તેમને સોશિયલ મીડિયાનો યોગ્ય અને સુરક્ષિત રીતે ઉપયોગ કરવા સક્ષમ બનાવશે. એકંદરે, શાળાઓ હવે એવું શિક્ષણ આપશે જે ભવિષ્યની નોકરીઓ અને જરૂરિયાતો સાથે સીધું જોડાયેલું હશે.

મ્યુનિસિપલ કમિશનરના આદેશથી વોર્ડ-13માં મેગા ડ્રાઈવ

'વન ડે વન રોડ' મિશન હેઠળ ડેરી ડેન વિસ્તારમાંથી 4 ટ્રક ભરીને દબાણો જપ્ત

રસ્તા પર નડતરરૂપ ગેરકાયદે ઓટલા અને શેડ તોડી પડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવાના ઉદ્દેશ્ય સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા 'વન ડે વન રોડ' મિશન અંતર્ગત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો હટાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

આ અભિયાનના ભાગરૂપે આજે શહેરના વોર્ડ નંબર 13માં સમાવિષ્ટ ડેરી ડેન સર્કલ અને તેની આસપાસના વિસ્તારોમાં પાલિકાની ટીમો ત્રાટકી હતી. રસ્તા પર નડતરરૂપ અને ટ્રાફિકને અવરોધતા ગેરકાયદે દબાણો પર પાલિકાએ સપાટો બોલાવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન અંદાજે 4 ટ્રક જેટલો સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

પાલિકાની આ ડ્રાઈવ માત્ર લારી-ગલ્લા પૂરતી મર્યાદિત નહોતી. મકાનો અને દુકાનોની બહાર વધારાના કરવામાં આવેલા બાંધકામો, ઓટલા અને શેડ કે જે જાહેર માર્ગ પર દબાણ કરતા હતા, તેને પણ મશીનરીની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા. રસ્તાઓ સાફ અને ખુલ્લા કરવા માટે પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓનો કાફલો ઘટનાસ્થળે હાજર રહ્યો હતો.

આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં 'વન ડે વન રોડ' અંતર્ગત આ પ્રકારે આકસ્મિક તપાસ અને દબાણ હટાવવાની કામગીરી ચાલુ રહેશે તેવી સૂચના આપવામાં આવી છે. પાલિકાની આ કડક કાર્યવાહીથી દબાણકર્તાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.